GJRJ190010512022

દાખલ તારીખ : ૧૩/૧૦/૨૦૨૨
રજી. તારીખ : ૧૩/૧૦/૨૦૨૨
ફેસલ તારીખ : ૨૦/૦૩/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

## :: FORM-A ::

| :: એફ.આઇ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલીસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : ગોંડલ તાલુકા, રાજકોટ ઝોન, વર્ષ–૨૦૧૮, ફસ્ટ ગુ.રજી.નં.૧૫/૨૦૧૮, તા.૨૬/૦૧/૨૦૧૮. |
| **ગુન્હો :** | ઇ.પી.કો. કલમ–૩૦૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | ઇ.પી.કો. કલમ–૩૦૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ. |
| **ફરીયાદી :** | શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત<br>(મુળ ફરીયાદી : રાઘવભાઇ ઉર્ફે રાહુલભાઇ મેપાભાઇ ધ્રાંગીયા) |
| **ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી :** | **શ્રી જી.કે.ડોબરીયા.** |
| **આરોપી :** | **નવનીતભાઇ ઉર્ફે નવલભાઇ રમેશભાઇ જેઠવા**<br>ઉ.વ.આ.૨૨, ધંધો–મજુરી,<br>રહે. ઘોઘાવદર–બંધીયા રોડ, તા.ગોંડલ, જી.રાજકોટ. |
| **આરોપી તરફે વિ.વ.શ્રી :** | **શ્રી એમ.બી.પરમાર** |

## :: FORM-B ::

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ :** | તા.૨૬/૦૧/૨૦૧૮ ના કલાક બપોરના ચારેક વાગ્યાની આસપાસ. |
| **ફરીયાદની તારીખ :** | તા.૨૬/૦૧/૨૦૧૮, કલાક ૨૨:૩૦. |
| **ચાર્જશીટની તારીખ :** | તા.૧૭/૦૩/૨૦૧૮ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ :** | તા.૨૮/૦૨/૨૦૨૪ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ :** | તા.૧૬/૧૨/૨૦૨૫ |

| | |
|---|---|
| **ચુકાદો રાખ્યાની તારીખ :** | તા.૨૫/૦૨/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ :** | તા.૨૦/૦૩/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો :** | ----------- |

## ACCUSED DETAILS :-

| RANK OF THE ACCU-SED | NAME OF ACCUSE | DATE OF ARREST | DATE OF RELEA-SED ON BAIL | OFFENCES CHARGED WITH | WHETHER ACQUI-TED OR CONVIC-TED | SENTE-NCE IMPOS-ED | PERIOD OF DETENTION UNDERGONE DURING TRIAL FOR PURPOSE OF SECTION-428 OF Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | NAVNIT-BHAI @ NAVAL-BHAI RAMESH-BHAI JETHVA | 13-12-2018 | 02-08-2025 | INDIAN PINAL CODE SEC.- 307 OR G.P. ACT-135 | ACQUITED | N.A | 06 YEAR, 07 MONTH, 20 DAYS |

### :: FORM-C ::

### :: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ ::

**(એ) ફરીયાદપક્ષ તરફે :-**

**:: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::**

| નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૪ | સાહેદ નં.૧ (રાઘવભાઇ મેપાભાઇ ધ્રાંગીયા) | ફરીયાદી |
| ૨ | ૨૫ | સાહેદ નં.૨ (ડો.લીનાબેન કાંતીભાઇ ચૌહાણ) | ડોક્ટર |
| ૩ | ૨૬ | સાહેદ નં.૩ (ડો.સંજયકુમાર રઘુનંદનપ્રસાદ સિન્હા) | ડોક્ટર |
| ૪ | ૨૭ | સાહેદ નં.૪ (મેહુલભાઇ રસીકભાઇ ગોંડલીયા) | ત.ક. અમલદાર |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**

## :: ફરીયાદપક્ષ તરફે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા ::

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ. | P1/PW1 |
| ૨ | મેડીકલ સર્ટીફીકેટ. | P2/PW2 |
| ૩ | મેડીકલ સર્ટીફીકેટ. | P3/PW3 |
| ૪ | તપાસ સંભાળી લેવા અંગેનો આદેશ. | P4/PW4 |
| ૫ | ગુન્હો રજીસ્ટર કરવાનો પત્ર. | P5/PW4 |
| ૬ | ભારે ગુન્હાનો રીપોર્ટ. | P6/PW4 |
| ૭ | તપાસનો ડેપ્યુટ હુકમ. | P7/PW4 |
| ૮ | તપાસનો મુખ્ય હુકમ. | P8/PW4 |
| ૯ | કપડા કબ્જે કર્યા અંગેનું પંચનામું. | P9/PW4 |
| ૧૦ | સ્થાનીક જગ્યાનું પંચનામું. | P10/PW4 |
| ૧૧ | પંચનામું. | P11/PW4 |
| ૧૨ | અટક પંચનામું. | P12/PW4 |
| ૧૩ | સ્થળ પરીક્ષણ અહેવાલ. | P13/PW4 |
| ૧૪ | એફ.એસ.એલ. પહોંચ. | P14/PW4 |
| ૧૫ | એફ.એસ.એલ. રીપોર્ટ. | P15/PW4 |
| ૧૬ | જાહેરનામું. | P16/PW4 |

### બચાવપક્ષે અંકે પડેલા દસ્તાવેજો :

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

### કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજો :

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

### :: મુદ્દામાલની વિગત ::

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| **૧** | **મુ.પા.નં.૨૧/૨૦૧૮, તા.૨૭/૦૧/૨૦૧૮** | (૧) એક અઢી ફુટના લાકડાના હાથાવાળી આગળ ના ભાગે લોખંડનું પાનુ ફીટ કરેલ, એક બાજુ ધાર વાળુ પાનાની ૮ ઈંચ x ૨ ઈંચની કોદારી છે તે, એક કાપડની બેગીમાં શીલબંધ છે તે. |

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**

| | | |
|---|---|---|
| **૨** | **મુ.પા.નં.૨૨/૨૦૧૮, તા.૨૭/૦૧/૨૦૧૮** | (૧) એક બ્લુ કલરનું જીન્સનું પેન્ટ જેની પાછળના ભાગે અંગ્રેજીમાં "TOMRICH" લખેલ છે. જેની આગળના ભાગે લોહીના ડાઘ છે તે તથા એક આખી બાયનો પીળા કલરનો સેટ જેની ઉપર અંગ્રેજીમાં "SKYRTAS 2017" લખેલ છે તે, લોહી ના ડાઘથી ખરડાયેલ છે તે બંને કપડા કાપડની બેગીમાં શીલબંધ છે તે. |
| **૩** | **મુ.પા.નં.૨૩/૨૦૧૮, તા.૨૭/૦૧/૨૦૧૮** | (૧) એક સફેદ કલરનું પ્લાસ્ટીકનું કંતાન બુંગણ જેની લંબાઇ ૭ ફુટ તથા પહોળાઇ અઢી ફુટની છે તેની ઉપર લોહીના ડાઘવાળુ છે તે કપડાની બેગી માં શીલબંધ. |
| **૪** | **મુ.પા.નં.૩૧/૨૦૧૮, તા.૧૩/૦૨/૨૦૧૮** | (૧) એક સફેદ કલરનો બ્લુ ટપકાવાળો બ્લુ લાઈનીંગ વાળો આખી બાયનો મેલા જેવો શર્ટ તથા એક બ્લુ કલરનું જીન્સનું મેલુ પેન્ટ જે બંને કપડા એક કાપડની બેગીમાં શીલબંધ છે તે. |

---

**અધિક સત્ર ન્યાયાધીશ સમક્ષ, મુ.ગોંડલ, જી.રાજકોટ.**

---

**હેમાંગ અશ્વિનભાઇ ત્રિવેદી**
અધિક સત્ર ન્યાયાધીશ,
મુ.ગોંડલ, જી.રાજકોટ.
**(ચુકાદાની તા.૨૦/૦૩/૨૦૨૬)**

**સેશન્સ કેસ નં.૫૬/૨૦૨૨**
**આંક :– ૨૯**

**શ્રી સ ર કા ર** **....ફરીયાદપક્ષ.**

**:: વિરૂધ્ધ ::**

**નવનીતભાઇ ઉર્ફે નવલભાઇ રમેશભાઇ જેઠવા**
ઉ.વ.આ.૨૨, ધંધો–મજુરી,
રહે. ધોધાવદર–બંધીયા રોડ, તા.ગોંડલ, જી.રાજકોટ. **....આરોપીપક્ષ.**

## // ચુ કા દો //

**(૧)** આ કામના આરોપી સેશન્સ કેસ નં.૫૬/૨૦૨૨ ની ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. તેઓની વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ–૩૦૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાઓ સબબ તા.૨૮/૦૨/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટ ધ્વારા આંક–૧૨ થી તહોમતનામું ફરમાવેલ, જે તહોમતનામું આરોપીને વાંચી, સંભળાવતા તેઓનું આંક–૧૩ મુજબ નિવેદન લેવામાં

આવેલ. જેમાં તેઓએ તહોમતનામા મુજબના ગુનાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ. જેથી આરોપી સામે તહોમતનામા મુજબ ઈ.પી.કો. કલમ–૩૦૭ તથા જી.પી. એકટ કલમ–૧૩પ મુજબના ગુન્હા સબબની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે.

## (ર) <u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>

/એ/ આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૬/૦૧/૨૦૧૮ ના કલાક બપોરના ચારેક વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીના ભાઈ હકાભાઈએ આ કામના આરોપીની કુંટુબીક બહેન રેખા સાથે પ્રેમ લગ્ન કરેલ હોય, જે વાતનું આરોપીએ મનદુ:ખ ખાર રાખી, આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં પાછળના ભાગે તથા ગરદનના પાછળના ભાગે ઉપરા–ઉપરી કોદારીના જીવલેણ ઘા મારી, ગંભીર ઈજા પહોંચાડી, મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, રાજકોટના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ. જેથી આ કામના આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ તથા જી.પી. એકટ કલમ–૧૩પ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ, જેની ફરીયાદ ફરીયાદીએ તા.૨૬/૦૧/૨૦૧૮ ના રોજ ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ જાહેર કરેલ.

/બી/ ફરીયાદીએ ઉપરોકત હકીકતે બનેલ બનાવની ફરીયાદ તા. ૨૬/૦૧/૨૦૧૮ ના રોજ ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ ફરીયાદ જાહેર કરતા તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ હકીકત લખી લઈ ગુનો રાજકોટ રૂરલ ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી.નં.૧૫/૨૦૧૮, ઈ.પી.કો. કલમ–૩૦૭ તથા જી.પી. એકટ કલમ–૧૩પ મુજબનો ગુનો દાખલ કરી, આગળની તપાસ પી.એસ.આઇ.ને સુપ્રત કરેલ. તપાસ દરમ્યાન તેઓએ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ તેમજ આરોપીને અટક કરેલ અને હથીયાર કબ્જે કર્યાનું પંચનામું કરેલ તેમજ ઈજા પામનારના કપડા તેમજ મેડીકલ સર્ટીફીકેટ્સ કબ્જે કર્યાના પંચનામા કરેલા તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ કબ્જે કરેલ મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ તેમજ આરોપી વિરૂદ્ધ

પુરતો પુરાવો હોય, ગોંડલના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

## (૩) <u>કમીટલ પ્રોસીડીંગ્સ :–</u>

આ કામના આરોપી વિરૂદ્ધ ગોંડલના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં ચાર્જશીટ રજુ થતા તે ફોજદારી કેસ નં.૫૩૨/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રી એ આરોપીને તેમની વિરૂદ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી, આરોપી વિરૂદ્ધ આક્ષેપિત ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફક્ત સત્ર અદાલતને હોય, આરોપી પોતાના સ્વખર્ચે વકીલ રોકી પોતાનો કાનુની બચાવ કરતા માંગતા હોવાનું જણાવતા, વિદ્વાન એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કમીટ કરવાનો હુકમ કરેલ.

## (૪) <u>તહોમતનામું અને આરોપીની પ્લી :–</u>

સદર કેસ કમીટ થઇને આવતા તે સેશન્સ કેસ નં.૫૬/૨૦૨૨ થી રજીસ્ટરે લઇ, સદર કેસ ઇન્સાફી કાર્યવાહી અર્થે અત્રેની અદાલતમાં તબદીલ કરતા આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરી, તા.૨૮/૦૨/૨૦૨૪ ના રોજ આરોપી વિરૂદ્ધ આંક–૧૨ થી તહોમતનામું ફરમાવતા, આરોપીએ તેમના આંક–૧૩ મુજબના નિવેદનથી ગુનો કર્યાનો ઇન્કાર કરી, કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત ફોર્મ–સી માં દર્શાવેલા તમામ પુરાવાઓ નોંધવાની કાર્યવાહી કરવામાં આવેલ. વિદ્વાન એડી.પી.પી.શ્રી એ આંક–૨૮ થી પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેનો પુરાવાનો મહદઅંશે ઇન્કાર કરી, તેમને સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાહેદો તપાસવા

નથી તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ હોવાની તથા તેમની સામે ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ હોવાની હકીકતો જણાવેલ છે. વિશેષમાં, આરોપીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે પોતાના બચાવમાં કોઇ સાહેદો તપાસેલ નથી.

(૬) ફરીયાદપક્ષે વિદ્ધાન એડી.પી.પી.શ્રી જી.કે.ડોબરીયા દ્ધારા એ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષની મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આરોપી વિરૂદ્ધ તહોમતનામામાં જણાવ્યા મુજબ આઇ.પી.સી.કલમ–૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩પ મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર થયેલ છે. જેથી આરોપીને વધુમાં વધુ સજા કરવા અરજ ગુજારેલ છે. તેમજ ત.ક.અમલદારની જુબાની જોતા, આ કામના આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે કોદાળી વડે હુમલો કરી, કોદાળી વતી ફરીયાદીના માથામાં પાછળના ભાગે તથા ગરદનના પાછળના ભાગે જીવલેણ ધા મારી ફરીયાદીને ગંભીર ઈજા કરેલ હોવાની હકિકત પુરવાર થાય છે.તેમજ ડોકટરશ્રીની જુબાની તથા મેડીકલ સર્ટીફીકેટ ધ્યાને લેતા આ કામના આરોપીએ ઉપર દર્શાવ્યા મુજબની ઈજા કરેલ હોવાની હકિકતને સમર્થન મળતુ હોય જેથી આરોપીને વધુમાં વધુ સજા કરવા અરજ ગુજારેલ છે. આમ, સમગ્ર રીતે ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ આઇ.પી.સી.કલમ–૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩પ મુજબનું તહોમત નિ:શંકપણે પુરવાર થતુ હોય આરોપીને કાયદામાં ઠરાવ્યા મુજબ વધુમાં વધુ સજા કરવા દલીલ કરેલ છે.

(૭) બચાવપક્ષે આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી એમ.બી. પરમાર નાઓએ દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધનું તહોમતનામું નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેમજ આ કામે ફરીયાદી પોતાની ફરીયાદ હકિકતને સમર્થન કરતા નથી. વધુમાં તેઓની દલીલમાં જણાવેલ છે કે, પંચોને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી જેથી તેઓની

રૂબરૂ કરેલ પંચનામાઓ પુરવાર થતા નથી. તેમજ ફરીયાદી તેઓની જુબાની તથા ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે, બોલાચાલી સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી. તેમજ તેઓને પડી જવાના કારણે ઇજા થયેલી તેમજ તેઓને આરોપીએ કોઇ ઇજા કરેલ નથી કે ધાક ધમકી આપેલ નથી. આમ, ફરીયાદી તેઓની ફરીયાદ હકિકતને સમર્થન કરતા નથી. વધુમાં તેઓની દલીલમાં જણાવે છે કે, ડોકટરશ્રીની જુબાની જોતા આરોપીએ તેઓની રૂબરૂ હિસ્ટ્રીમાં વાછરા ખાતે વાડીમાં મારા મારીમાં ઇજા થયેલાનું જણાવેલુ. પરંતુ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે, ફરીયાદીએ તેઓની રૂબરૂ હિસ્ટ્રીમા આરોપીનું નામ કે બનાવમાં વાપરેલ હથિયારનો ઉલ્લેખ કરેલ નથી. તેમજ આવી ઇજા એકસીડન્ટથી પણ થઇ શકે તેમ જણાવે છે. આમ, ફરીયાદી તથા ડોકટરશ્રીની જુબાની જોતા આ કામના આરોપીએ તહોમતનામા મુજબનો ગુન્હો કરેલાની હકિકત પુરવાર થતી ન હોય તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. વધુમાં, દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષનો પુરાવો જોતા આરોપીની ગુન્હાના કામે સંડોવણી હોવાની હકીકત કોઇ જ રીતે પુરવાર થતી નથી. આમ, મુખ્ય સાહેદોના પુરાવાથી આરોપી વિરૂદ્ધનો ગુન્હો નિ:શંકપણે પુરવાર થતો ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

(૮) ઉપરોક્ત હકીકતે કેસના અંતિમ નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.:

**// મુદ્દાઓ //**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા. ૨૬/૦૧/૨૦૧૮ ના કલાક બપોરના ચારેક વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીના ભાઇ હકાભાઇએ આ કામના આરોપીની કુંટુબીક બહેન રેખા સાથે પ્રેમ લગ્ન કરેલ હોય, જે વાતનું આરોપીએ મનદુ:ખ ખાર રાખી, આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઇરાદે માથામાં પાછળના ભાગે તથા ગરદનના પાછળના ભાગે ઉપરા–ઉપરી કોદારીના જીવલેણ ઘા

મારી, ગંભીર ઈજા પહોંચાડી, આ કામના આરોપીએ ઈ.પી.કો. કલમ–૩૦૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ છે ?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે પોલીસ કમીશ્નરશ્રી રાજકોટ શહેરનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તીત્વમાં હોય છતા તે જાહેરનામાનો ભંગ કરી, આરોપીએ હથિયાર ધારણ કરી, આરોપીએ જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૩) શું હુકમ?

**(૯)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.:

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

## // કા ર ણો //

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાના સંદર્ભમાં કારણોની ચર્ચા કરતા પહેલા ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો, આ કામના ફરીયાદીએ ફરીયાદમાં જણાવ્યા મુજબ તા.૨૬/૦૧/૨૦૧૮ ના કલાક બપોરના ચારેક વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીના ભાઈ હકાભાઈએ આ કામના આરોપીની કુંટુબીક બહેન રેખા સાથે પ્રેમ લગ્ન કરેલ હોય, જે વાતનું આરોપીએ મનદુ:ખ ખાર રાખી, આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં પાછળના ભાગે તથા ગરદનના પાછળના ભાગે ઉપરા–ઉપરી કોદારીના જીવલેણ ઘા મારી, ગંભીર ઈજા પહોંચાડી, મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, રાજકોટના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી, આ કામના આરોપીએ ઈ.પી.કો. કલમ–૩૦૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે અને તે ગુના સબબ આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત હકીકતે આંક–૧૨ થી તહોમત ફરમાવવામાં આવેલ.

(૧૧) <u>મુદ્દા નં.૧ તથા ૨ ની સંયુકત ચર્ચા :–</u>

આ કામે ફરીયાદપક્ષે <u>ફરીયાદી રાઘવભાઇ મેપાભાઇ ધ્રાંગીયા નાઓને આંક–૨૪</u> થી સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,બનાવના દિવસે તેઓ નરેશભાઇ મગનભાઇ જેતાણીની વાડીએ ગયેલ હતો અને ત્યાં આરોપી પણ તેઓની સાથે વાડીએ આવેલ હતો અને આ સમયે આરોપી અને નરેશભાઇ તેમજ તેઓ વાતચીત કરતા હતા અને જીંજરા ખાતા હતા. ત્યારે આરોપી નવનીત તેઓની સાથે બોલાચાલી થયેલ અને બોલાચાલીમાં પડી જવાથી તેઓને ગરદનના ભાગે ખેતરમાં પડેલ કંઇક વસ્તુ વાગી ગયેલ હતી. એવુ બનેલ નહી કે, આરોપી નીવનીતે તેઓને કોદાળીનો ધા ગરદનમાં મારેલ હોય. તેઓએ પોલીસમાં બોલાચાલીની ફરીયાદ આપેલી તે સિવાય બીજુ કાંઇ બનેલ નહી. તેમજ આ કામે આંક–P1/PW-1 થી ફરીયાદ રજુ રાખવામાં આવેલ છે જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. તેઓને વિ.એડી.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરવાની પુરાવા કાયદાની કલમ–૧૫૪ અન્વયે પરવાનગી આપતા અને વિ.એડી.પી.પી.શ્રી દ્વારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં પણ કોઇ ફળદાયી હકિકત જણાવતા નથી. તેમજ આરોપી તરફેની ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે,બોલાચાલી સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી. તેમજ ફરીયાદમાં શું લખેલ છે તે તેઓએ વાંચેલ નહી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, તેઓની પડી જવાના કારણે ઇજા થયેલ હતી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, આરોપીએ તેઓને કોઇ ઇજા કરેલ નથી કે ધાક ધમકી આપેલ નથી. આમ, ફરીયાદીની સમગ્ર જુબાની જોતા આ કામના ફરીયાદીને આરોપી નવનીતે કોદાળીનો ધા ગરદનમાં મારેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવે છે. તેમજ આંક–P1-PW-1 થી રજુ રાખવામાં આવેલ ફરીયાદ જોતા, ''તા.૨૬/૦૧/૨૦૧૮ ના રોજ અમારા ગામના નવનીતભાઇ જેઠવાનો ફોન મારા પર આવેલ અને કહેલ કે આપણે વાછરા નરેશભાઇ મગનભાઇ જેતાણીની વાડીએ જીંજરા ખાવા જવાનું છે. જેથી નરેશભાઇ મગનભાઇ જેતાણીની વાડીએ હું તથા આરોપી બંન્ને ગયેલા ત્યાં નરેશભાઇના મીત્ર કાનાભાઇ જેતાણી બંન્ને હાજર હતા અને તેઓ ચારેય જણાએ લીલા ચણા ખાધેલ બાદ ચારેક વાગ્યાની આસપાસ હું બેઠા

બેઠા ચણા ખાતો હતો અને મારી સાથે આવેલ નવનીત ફોનમાં વાત કરતો કરતો ઉભો થયેલ અને ચણા ખાતો હોય, નવનીતે ત્યાં પડેલ કોદારી ઉપાડી તેઓના માથાના પાછળના ભાગે એક જોરદાર જીવલેણ ધા કરેલ અને હું પાછો ફરી જોતા બીજો ધા પણ મારા ગરદન પાછળ મારી દીધેલ અને બોલવા લાગેલ કે આજે તને પુરો કરી નાખવો છે અને પતાવી દેવો છે તેમ કહી મારી ઉપર ત્રીજો ધા કરતા મે મારા હાથ આડા રાખી દીધેલ તેવામં નરેશભાઇ અને કાનાભાઇ વચ્ચે પડી આ નવનીતભાઇને પકડી લીધેલ અને હું બેભાન થઇ ગયેલ અને નવનીતભાઇ ત્યાંથી ભાગી ગયેલ અને મને મોટર સાયકલમાં બેસાડી ત્રણ સવારીમાં ગોંડલ સરકારી હોસ્પીટલે લાવેલ તેમજ સારવાર બાદ રાજકોટ સરકારી દવાખાને લઇ ગયેલ. મને માથામાં ટાકા આવેલ અને ત્યારબાદ મે ફરીયાદ આપેલ.'' આમ, ફરીયાદીની ફરીયાદ તથા કોર્ટ રૂબરૂની જુબાની જોતા મોટો વિરોધાભાષ જણાય આવે છે. તેમજ ફરીયાદી તેઓની ઉલટતપાસમાં એ વાત કબુલ કરેલ છે કે,બોલાચાલી સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી. તેમજ ફરીયાદમાં શું લખેલ છે તે તેઓએ વાંચેલ નહી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, તેઓની પડી જવાના કારણે ઈજા થયેલ હતી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, આરોપીએ તેઓને કોઇ ઈજા કરેલ નથી કે ધાક ધમકી આપેલ નથી. આમ, ફરીયાદીની ફરીયાદ તથા કોર્ટ રૂબરૂની જુબાની જોતા આ કામના આરોપીએ તા.૨૬/૦૧/૨૦૧૮ ના કલાક બપોરના ચારેક વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીના ભાઇ હકાભાઇએ આ કામના આરોપીની કુંટુબીક બહેન રેખા સાથે પ્રેમ લગ્ન કરેલ હોય, જે વાતનું આરોપીએ મનદુ:ખ ખાર રાખી, આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં પાછળના ભાગે તથા ગરદનના પાછળના ભાગે ઉપરા–ઉપરી કોદારીના જીવલેણ ઘા મારી, ગંભીર ઈજા પહોંચાડેલ હોાવની હકિકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**(૧૨)** વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે <u>ડોકટર લીનાબેન કાંતીભાઇ ચૌહાણ નાઓને આંક–૨૫</u> ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૬/૦૧/૨૦૧૮ ના રોજ સાંજના ૫–૩૮ વાગ્યે રાજકોટ સીવિલ હોસ્પીટલ ખાતે

ઇમરજન્સી ફરજ પર હાજર હતા ત્યારે રાઘવાભાઈ મેપાભાઈ રાંગીયા, ઉ. વ. ૨૭, રહે. નીલકંઠ સોસાયટી, ગોંડલ પાસે ને તેના સબંધી જસાભાઈ મેપાભાઈ દ્ધારા સારવાર અર્થે લઇ આવવામાં આવેલ હતા. દર્દી પોતે સંપુર્ણ સભાન અવસ્થામાં હતા અને ઈજાની હીસ્ટ્રી જણાવતા લખાવેલ કે,''તા.૨૬/૦૧/ ૨૦૧૮ ના રોજ વાછરા ખાતે સાંજના ૪–૦૦ કલાકે તીક્ષ્ણ હથીયાર વડે તેમને માર મારતા ઈજા થયેલ હતી.'' દર્દીને પ્રાથમીક સારવાર ગોંડલ સરકારી હોસ્પીટલ ખાતે આપવામાં આવેલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રીફર નોટ સાથે રાજકોટ સીવીલ હોસ્પીટલ ખાતે મોકલવામા આવેલ હતા. તેમજ દર્દી ને તપાસતા આ મુજબની ઈજા માલુમ પડેલ. જેમાં, ઈજા નં.(૧) તેમને માથાના ઓકસીપીટલ ભાગે પાછળની જમણી બાજુએ એક ટાકા લીધેલ ઘા હતો કે જે ૬ સે. મી. લાંબો હતો અને ઉભી લીટીની દિશામાં વિસ્તરેલો હતો. તેમાંથી કોઇ તાજુ લોહી વહેતુ ન હતુ. ઈજા નં.(૨) તેમને ગળાના જમણી બાજુએ પાછળના ભાગે એક ૫ સે. મી. લાંબો ટાંકા લીધેલો ઘા હતો જેમાંથી તાજુ લોહી વહેતુ ન હતુ. ઈજા નં. (૩) તેમને છાતીની આગળના ભાગે જમણી બાજુએ એક ઉઝરડાનું નિશાન હતુ કે જે આશરે ૧ સે. મી. લાંબુ હતુ. ઈજા નં. (૪) તેમને ડાબી કોણીના ભાગે પાછળની બાજુએ ૧*૧ સે. મી. ના માપનુ ઉઝરડાનું નિશાન હતુ. તેમજ દર્દીને તા.૨૬/૦૧/૨૦૧૮ ના રોજ ઇમરજન્સી વોર્ડમાં સર્જીકલ વોર્ડ નં. ૫ હેઠળ સારવાર માટે દાખલ કરવામાં આવેલા. તે જ દિવસે તેમના પાડવામાં આવેલા એકસ–રે નં. ૮૦૪૯ પ્રમાણે દર્દીના ખોપરીના ભાગમાં, ગળાના માથાના ભાગમાં અને ડાબા હાથની કોણી તથા તેના નીચેના ભાગમાં એકસ–રેનો રીપોર્ટ નોર્મલ હતો. દર્દીના તા.૨૯/૦૧/૨૦૧૮ ના રોજ ડીસ્ચાર્જ કરવામાં આવેલ હતા. દર્દીને થયેલ ઈજા સામાનય પ્રકારની હતી. જો કોઇ કોમ્પ્લીકેશન ન થાય તો આશરે દસ થી પંદર દિવસમાં રીકવર થઇ શકે તેવી હતી. આ ઈજા કઠણ અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી. આ ઈજા મુદ્દામાલ કોદાળી જેવા હથીયારથી થઇ શકે તેવી હતી. તેઓએ દર્દીનું સારવાર સર્ટીફીકેટ આપેલ. આંક–P2/ PW2 થી ઈજા પામનારનું મેડીકલ સર્ટીફીકેટ રજુ રાખવામાં આવેલ છે.

**(૧૨.૧)** સદરહું ડોકટરશ્રીની આરોપી તરફેની ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે,ઉપરોકત ઈજા એકસીડન્ટ થી પણ થઈ શકે. તેમજ એ વાતનો ઈન્કાર કરે છે કે, હિસ્ટ્રી તેઓએ પોલીસ યાદીના અધારે તૈયાર કરી લીધેલ હતી. આમ, આ કામે રજુ થયેલ આંક–P2/PW2 થી ઈજા પામનારનું મેડીકલ સર્ટીફીકેટ જોતા તેમાં આરોપીનું નામ કે બનાવમાં વાપરેલ હથિયારનો ઉલ્લેખ નથી. તેમજ ફરીયાદીની જુબાનીમાં પણ તેઓ જણાવે છે કે, એવુ બનેલ નહી કે, આરોપી નીવનીતે તેઓને કોદાળીનો ધા ગરદનમાં મારેલ હોય. આમ, ઉપરોકત ઈજા આરોપીએ કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૩)** વધુમાં આ કામે ફરીયાદપક્ષે <u>ડો.સંજયકુમાર રધુનંદનપ્રસાદ સિન્હા નાઓને આંક–૨૬</u> થી તેઓની જુબાનીમાં જણાવે છે કે,તા.૨૬/૦૧ /૨૦૧૮ ના રોજ તેઓ ગોંડલ સીવીલ હોસ્પીટલ ખાતે ફરજ પર હાજર હતા ત્યારે ઈજા પામનાર રાઘવાભાઈ મેપાભાઈ રાંગીયા, ઉ. વ. ૨૭, રહે. નીલકંઠ સોસાયટી, ગોંડલ પાસે ને તેના સબંધી જસાભાઈ મેપાભાઈ દ્વારા સારવાર અર્થે લઈ આવવામાં આવેલ હતા. દર્દી પોતે સંપુર્ણ સભાન અવસ્થામા હતા અને અને ઈજાની હીસ્ટ્રીમાં વાછરા ખાતે(વાડી) માં મારામારીમાં ઈજા થયેલાનુ જણાવેલ. તેમજ દર્દી ને તપાસતા આ મુજબની ઈજા માલુમ પડેલ. જેમાં, ઈજા નં.(૧) તેમને માથાના ઓકસીપીટલ ભાગે પાછળની જમણી બાજુએ એક કપાયેલ ઘા હતો કે જે ૬*૦.૫ સે. મી. હાડકા સુધીનો હતો. ઈજા નં.(૨) તેમને ગળાના જમણી ૪.૫*૦.૫ સે. મી. સ્નાયુ સુધીનો ઉંડો કપાયેલો ઘા હતો. આ બંને ઈજાના છેડાના ભાગે ઈરરેગ્યુલર હતી. ઈજા નં. (૩) તેમને ડાબી કોણીના ભાગે પાછળની બાજુએ ૨*૧ સે. મી. ના માપનુ ઉઝરડાનું નિશાન હતુ. તેમજ દર્દીને તા.૨૬/૦૧/૨૦૧૮ ના રોજ પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે તે જ દિવસે સાંજના ૫–૦૦ વાગ્યે રાજકોટ સીવિલ હોસ્પીટલમાં રીફર કરેલ હતા. દર્દીને થયેલ ઈજા અંગે જો કોઈ કોમ્પલીકેશન ન થાય તો આશરે સાત દિવસમા રીકવર થઈ શકે તેવી હતી. આ ઈજા ધારદાર હથીયારથી થઈ શકે તેવી હતી. આ ઈજા મુદ્દામાલ કોદાળી

જેવા હથીયારથી થઇ શકે તેવી હતી. તેઓએ દર્દીનું સારવાર સર્ટીફીકેટ આપેલ. આંક–P3/PW3 થી ઈજા પામનારનું મેડીકલ સર્ટીફીકેટ રજુ રાખવામાં આવેલ છે. જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે.

સદરહું ડોકટરની આરોપી તરફેની ઉલટતપાસ જોતા, એ વાત કબુલ રાખેલ છે કે,હિસ્ટ્રીમાં આરોપીનું નામ કે બનાવમાં વાપરેલ હથિયારનો ઉલ્લેખ નથી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે,ઉપરોકત ઈજા એકસીડન્ટ થી પણ થઇ શકે. તેમજ એ વાતનો ઈન્કાર કરે છે કે, હિસ્ટ્રી તેઓએ પોલીસ યાદીના અધારે તૈયાર કરી લીધેલ હતી. આમ, ડોકટરશ્રી રૂબરૂ આ કામના ફરીયાદીએ ઈજાની હિસ્ટ્રીમાં વાછરા ખાતે વાડીમાં મારા મારીમાં ઈજા થયેલાનું જણાવેલુ. પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ હિસ્ટ્રીમાં આરોપીનું નામ કે બનાવમાં વાપરેલ હથિયારનો ઉલ્લેખ નથી. તેમજ ફરીયાદી તેઓની જુબાનીમાં એવુ બનેલ નહી કે નીવનીતે તેઓને કોદાળીનો ધા ગરદનમાં મારેલ હોય. આમ, એક માત્ર ડોકટરશ્રીની જુબાની તથા મેડીકલ પુરાવાના આધારે આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૪) વધુમાં ફરીયાદપક્ષે <u>ત.ક.અમલદાર મેહુલભાઇ રસીકભાઇ ગોંડલીયા નાઓને આંક–૨૭</u> થી તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,તા.૨૭/૦૧/૨૦૨૨ ના રોજ તેઓ ગોંડલ તાલુકા પોલીસ સ્ટે. માં પી. એસ. આઇ તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે ગોંડલ તાલુકા ગુન્હા રજી. નં. ૧૫/૨૦૧૮ ની તપાસ તેઓને મળેલ હતી. જે તપાસ અનુસંધાને સ્થાનીક જગ્યાનું પંચનામું કરેલ, આરોપીને અટક કરેલ અને હથીયાર કબ્જે કર્યાનું પંચનામુ કરેલ તેમજ ઈજા પામનારના કપડા તેમજ મેડીકલ સર્ટીફીકેટસ કબ્જે કર્યાના પંચનામા કરેલા અને સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લીધેલા. કબ્જે કરેલ મુદ્દામાલ એફ. એસ. એલ માં પૃથ્થકરણ અર્થે મોકલેલ. આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોય આરોપીને અટક કરેલા અને ચાર્જશીટ કરેલ. તેમજ આંક–P4/PW4 થી તપાસનો હુકમ રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P5/PW4 થી ગુન્હો રજીસ્ટર કરવાનો પત્ર રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P6/PW4

થી ભારે ગુન્હાનો રીપોર્ટ રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે.તેમજ આંક–P7/PW4 થી પત્ર રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P8/PW4 થી પત્ર રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P9/PW4 થી કપડા કબ્જે કર્યા અંગેનું પંચનામું રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P10/PW4 થી સ્થાનીક જગ્યાનું પંચનામું રજુ રાખવામાં આવેલ છે. તેમજ આંક–P11/PW4 થી પંચનામું રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P12/PW4 થી અટક પંચનામું રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P13/PW4 થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P14/PW4 થી એફ. એસ. એલ પહોંચ રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે.તેમજ આંક–P15/PW4 થી એફ. એસ. એલ રીપોર્ટ રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P16/PW4 થી જાહેરનામું રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે.

સદરહું ત.ક.અમલદારની આરોપી તરફેની ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે,ફરીયાદીએ શંકાના આધારે ફરીયાદ દાખલ કરેલી. તેમજ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓએ કરેલા તમામ પંચનામા તેઓની જાતે તૈયાર કર્યા બાદ પંચોની સહીઓ લીધેલ છે. તેમજ એ વાતનો ઈન્કાર કરે છે કે સ્વતંત્ર સાહેદોના નિવેદનો જાતે તૈયાર કરી લીધેલા નથી. તેમજ એ વાતનો ઈન્કાર કરે છે કે, આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

આમ, સદરહું સાહેદની સમગ્ર જુબાની જોતા, તેઓની જુબાનીમાં કોઇ પંચોના નામ ઠામ જણાવતા નથી. તેમજ તેઓ દ્વારા કરવામાં આવેલ આંક–P9/PW4 થી કપડા કબ્જે કર્યા અંગેનું પંચનામું તેમજ આંક–P10/PW4 થી સ્થાનીક જગ્યાનું પંચનામું તેમજ આંક–P11/PW4 થી પંચનામું તેમજ આંક–P12/PW4 અટક પંચનામું આ તમામ પંચનામાઓની વિગતો માની લેવામાં આવે તો પણ મુખ્ય સાહેદ એવા ફરીયાદી/ઈજા પામનાર આરોપી વિરૂદ્ધની કોઇ હકિકત અદાલત રૂબરૂ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવતા

નથી. તેમજ ફરીયાદી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી. તેમજ બનાવ સ્થળે બનાવને નજરે જોનાર સાહેદોને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. આમ, ઉપરોકત પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૫)** આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ તમામ પુરાવો ધ્યાને લેતા, ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ ફરીયાદી તથા ડોકટરશ્રી તથા તક.અમલદાર તેઓની જુબાનીમાં ફરીયાદની હકિકતને સમર્થન કરતા નથી. તેમજ ફરીયાદમાં જણાવ્યા મુજબ તા.૨૬/૦૧/૨૦૧૮ ના કલાક બપોરના ચારેક વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીના ભાઈ હકાભાઈએ આ કામના આરોપીની કુંટુબીક બહેન રેખા સાથે પ્રેમ લગ્ન કરેલ હોય, જે વાતનું આરોપીએ મનદુ:ખ ખાર રાખી, આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં પાછળના ભાગે તથા ગરદનના પાછળના ભાગે ઉપરા–ઉપરી કોદારીના જીવલેણ ઘા મારી, ગંભીર ઈજા પહોંચાડેલાનુ જણાવેલ છે. પરંતુ ફરીયાદી તેઓની ઉલટતપાસમાં એ વાત કબુલ કરેલ છે કે,બોલાચાલી સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી. તેમજ ફરીયાદમાં શું લખેલ છે તે તેઓએ વાંચેલ નહી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, તેઓની પડી જવાના કારણે ઈજા થયેલ હતી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, આરોપીએ તેઓને કોઇ ઈજા કરેલ નથી કે ધાક ધમકી આપેલ નથી. તેમજ ત.ક.અમલદારની ઉલટતપાસ જોતા એ વાત કબુલ રાખેલ છે કે, ફરીયાદીએ શંકાના આધારે ફરીયાદ દાખલ કરેલ. તેમજ ડોકટરશ્રીની ઉલટતપાસ જોતા એ વાત કબુલ રાખેલ છે કે,હિસ્ટ્રીમાં આરોપીનું નામ કે બનાવમાં વાપરેલ હથિયારનો ઉલ્લેખ નથી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે,ઉપરોકત ઈજા એકસીડન્ટ થી પણ થઇ શકે. વધુમાં આ કામે બનાવને નજરે જોનાર સાહેદ એવા નરેશભાઇ તથા કાનાભાઈએ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. તેમજ પંચોને પણ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. જેથી ત.ક.અમલદારે કરેલ પંચનામાઓની હકિકત પુરવાર થતી નથી. આમ,

હાલનો ફરીયાદવાળો બનાવ ખરેખર બનવા પામેલ છે કે કેમ તે હકિકત શંકાસ્પદ બની જાય છે.

**(૧૬)** આમ, આ કામના આરોપીએ આંક–૧૨ ના તહોમતનામામાં દર્શાવ્યા મુજબનો આઇ.પી.સી.કલમ–૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલાનું નિ:શંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. કારણ કે આરોપી સામે આઇ.પી.સી.કલમ–૩૦૭ મુજબના ગુન્હાનું તહોમત ફરમાવેલુ છે જે મુજબ ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે, આરોપીએ કોઇ કૃત્ય કરેલ છે, આવુ કૃત્ય ઇરાદાપુર્વક અથવા જ્ઞાન સાથે કર્યુ હોય, આવા કૃત્યને કારણે કોઇને ઇજા થઇ હોય, આવું કૃત્ય આરોપીએ કર્યુ હોય, અને આવા કૃત્યથી જો મૃત્યુ નિપજયુ હોતો તો આરોપી ખુન માટે દોષીત ગણાત. આમ, ઉપરોકત એકપણ તત્વ ફરીયાદપક્ષે પુરવાર કરેલ નથી કે જેથી આરોપીને આઇ.પી.સી. કલમ–૩૦૭ મુજબના ગુન્હા સબબ દોષિત ઠરાવી શકાય. વધુમાં ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે તો, આરોપીએ બનાવ સમયે કોદાડી જેવુ હથીયાર ધારણ કરી તેનો ઉપયોગ હાલના ગુન્હાના કામે કરી જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોવાનું તહોમત ફરમાવવામાં આવેલ છે પરંતુ આ કામે ફરીયાદપક્ષે આવુ જાહેરનામું અમલમાં હોય અને તે જાહેરનામાની પ્રસિધ્ધી સામાન્ય જન માણસમાં હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર રજુ રાખેલ નથી કે જેથી માની શકાય કે આરોપીએ જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ તેમની જવાબદારી નકિક થઇ શકે. આમ, ફરીયાદી તથા ડોકટરશ્રી તથા ત.ક.અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો તથા તેઓની ઉલટતપાસમાં જણાવેલ હકિકતો જોતા આ સાહેદોનો પુરાવો વિશ્વાસપાત્ર, કુદરતી, ભરોષાપાત્ર અને માનવા લાયક હોય તેવુ જણાય આવતુ નથી અને આ સાહેદોના પુરાવાને અન્ય વૈજ્ઞાનીક પુરાવાથી પણ સમર્થન મળતુ નથી. આમ, આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ઉપરોકત ઉપસ્થિત મુદ્દા નં.૧ તથા ૨ નો

નિર્ણય ''નકારમાં'' ઠરાવી મુદ્દા નં.૩ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-// હુ ક મ //-**

(૧) આ કામના આરોપી **નવનીતભાઈ ઉર્ફે નવલભાઈ રમેશભાઈ જેઠવા,** ઉ.વ.આ.૨૨, ધંધો-મજુરી, રહે. ઘોઘાવદર-બંધીયા રોડ, તા.ગોંડલ, જી.રાજકોટ. નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૩૫(૧) તેમની વિરૂધ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી જામીન મુકત હોય તેઓના જામીનખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપી વિરૂદ્ધના ગુન્હાના કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આ કામના આરોપીએ સી.આર.પી.સી.કલમ-૪૩૯(એ) મુજબ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન રજુ કરવા. જે જામીન ગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

(૪) આ ગુન્હાના કામે તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ નોનવેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય પુર્ણ થયેથી સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો અપીલ થાય તો અપીલ કોર્ટના હુકમ બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૦મી, માંહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૨૦/૦૩/૨૦૨૬ **(હેમાંગ અશ્વીનભાઈ ત્રિવેદી)**
સ્થળ : ગોંડલ. અધિક સત્ર ન્યાયાધિશ, ગોંડલ.
(R.A.ZALA) (UID No.GJ00591)

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**